**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૦/૦૩/૨૦૧૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૨૫૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૮૮ બિયરટીન, ૦૧ મોટર સાયકલ, ૦૨ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૧૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૬૨/૧૫**

**ગુજરાત યુનિવર્સીટી :** સૃષ્ટીબહેન અજીતકુમાર શાહ (ઉ.વ.૩૯)(રહે.રામેશ્વર એપાર્ટમેન્ટ, દેવાંશી સ્કુલની સામે, રામદેવનગર, સેટેલાઇટ) ને તા.૧૮/૩/૧૫ સવારનાં ૧૦/૦૦ થી બપોરનાં ૧/૦૦ વાગ્યા દરમ્યાન શકદાર આરોપી નરેશ સોલંકી(રહે.સુભાષબ્રીજ, અમદાવાદ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સૃષ્ટીબહેનની માતા શીતલબહેન શાહે ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.મોડીયા ચલાવે છે.

**ગોમતીપુર :** ભીખાભાઇ સોમાભાઇ કામોર (રહે.ઓડાના મકાનમાં, હોજવાળી ચાલીની સામે, ગોમતીપુર) એ તા.૧૯/૩/૧૫ નારોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૩/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાની પુત્રી પુષ્પાબહેન (ઉ.વ.૧૬) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૫૬૩/૧૫**

**સરખેજ :** સની જીતેન્દ્રભાઇ મીસ્ત્રી (રહે.રાજુલાપાર્ક, મીરાનગર પાસે, વેજલપુર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૯/૩/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાની હુન્ડાઇ વર્ના કાર નંબર જીજે.૦૧.કે.એસ.૯૬૩૯ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- સરખેજ શાંતીપુરા રોડ ઉપર આવેલ હુન્ડાઇના વર્કશોપમાં રીપેરીંગ માટે મુકેલ હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એસ.ઇસરાણી ચલાવે છે.

**નદીમાં ડુબી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૬૪/૧૫**

**એલીસબ્રીજ :** તા.૧૯/૩/૧૫ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સરદારબ્રીજ અને આંબેડકરબ્રીજ વચ્ચે એન.આઇ.ડી.પાછળ, સાબરમતી નદીનાં રીવરફ્રન્ટ પાસેથી પાણીમાં ડુબી ગયેલ હાલતમાં એક અજાણ્યા (૪૫ થી ૫૦ વર્ષના આશરાના) પુરૂષની લાશ એલીસબ્રીજ પોલીસને મળી આવી છે. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાનાભાઇ દેવાભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.